# પાકિસ્તાની નારંગી ખુલી ગઈ છે, પેશીઓ અલગ અલગ પડવામાં છે

પાકિસ્તાનના ફીલ્ડ માર્શલ મૌલવી અસીમ મુનીરને અને એમની અન્યત્ર પરણેલી માશુકા મરિયમ નવાઝને ઘરચોળાં જોઈએ છે અને પાકિસ્તાની તિજોરીઓમાં ઊંદરો આટાફેરા કરે છે. એ સિવાય ત્યાં બીજું કશું નથી. ચીનને ગધેડાઓ વેચીને પૈસા કમાવાનો એક માત્ર નિકાસલક્ષી ધંધો બચ્યો છે. આ કપરા કાળમાં નવાઝ શરીફની દીકરી, વડાપ્રધાન શાહબાઝ શરીફની ભત્રીજી, પંજાબની ચીફ મિનિસ્ટર મિરયમ નવાઝે એક હજાર કરોડ રૂપિયાના ખર્ચે પંજાબ સરકાર માટે વિમાન ખરીદ્યું છે. કવિ કલાપીએ લખ્યું છે કે રસહીન થઇ ધરા, દયાહીન થયો નૃપ, નહીંતર ના બને આવું, બોલી માતા ફરી રડી. કવિ કહે છે, અલબત્ત ઉપમા અલંકારમાં કહે છે જ્યાં હાકેમો અને રાજા-રાજવીઓ દયા વગરના બની જાય ત્યાં ધરા રસવિહોણી બની જાય છે.

ઘણા કાયર લોકો બીજાઓ પર રોફ ના જમાવી શકે ત્યારે ઘરના લોકોને ઝૂડવા લાગી જાય છે. હમણાનાં વર્ષો સુધી પાકિસ્તાની મુસ્લિમો મુસ્લિમો હોવાને નાતે, ઉમ્માના વાસ્તે, અફઘાની મુસ્લિમોની બાજુમાં ઊભા રહી જતા હતા. ભારતના નિર્દોષ લોકોનો ખૂન વહાવીને પાકીઓ મૂચો મરડતા હતા. પરંતુ ભારતે છેલ્લાં આઠેક વર્ષમાં પાકિસ્તાનને ધમારવાની શરૂઆત કરી પછી મુલ્લા સેનાપતિઓ પોતાની પ્રજાને જ મરઘા-બતકાની માફક મારવા લાગ્યા છે. અસીમ મુન્નીનો કાશ્મીર પ્રેમ સૂકાઈ ગયા છે. હવે ઘર આંગણે પહોંચી શકાતું નથી. પાક-આધીન કાશ્મરીઓને ભ્રમણાની શાલ ઓઢાડવા ગયા તેમાં જનરલો અને ઉચ્ચ અમલદારો ઊઘાડા પડી ગયા છે. ઘરમાં ધ્યાન જ આપ્યું ન હતું. હાંડલાઓ-માટલાઓ કુસ્તી કરી રહ્યા છે અને પાકિસ્તાન ગદેડાનાં લીંડાની માફક અલગ-થલગ પડવા માંડ્યું છે. એક તરફ અફઘાનિસ્તાન, અફઘાનિસ્તાન પ્રેરિત પાકિસ્તાનમાં પશ્તુનો પાકિસ્તાન સેનાના પગ પકડી રાખે છે ત્યારે બલુચો સેનાનું નાક દબાવે છે. પશ્તુનો નાક દબાવે ત્યારે બલોચો પાકિસ્તાનના હાથપગ પકડી રાખે છે. હજી તો આ આંતરિક યુદ્ધમાં સિન્ધપ્રદેશ જોડાયો નથી. પાકિસ્તાનની આર્થિક રાજધાની ગણાતું કરાંચી શહેર અને મુખ્ય બંદર સિંધમાં છે. પંદરેક વરસ અગાઉ કરાચીમાં સિંધિઓ, બલૂચો, પઠાણો, પંજાબીઓ વગેરે લાંબો સમય માટે આપસમાં ખૂબ લડ્યા હતા. એ જખ્મો હજી તાજા છે. સિંધમાં મુખ્યત્વે વેપારીઓ અને કિસાનો વસે છે. જ્યારે સિંધ પણ આંતરવિગ્રહમાં સામેલ થશે ત્યારે પાકિસ્તાનના કમસે કમ ચાર ભાગલા નિશ્ચિત છે. સેનાના બહુમતી હાકેમો, રાજકીય હોદ્દેદારો મુખ્યત્વે પંજાબીઓ હતા અને છે. તેઓ માત્ર પંજાબનું ભલું કરવાનું વિચારતા હોય છે. નિવૃત્ત લશ્કરીવડાઓ ભ્રષ્ટાચારના અબજો રૂપિયા સાથે લઈ જઈને યુરોપ-અમેરિકામાં વસી જાય છે. મદીના બાદ છેલ્લું ઈસ્લામિક શાસન અલ્લા તાલાએ પાકિસ્તાનમાં સ્થાપ્યું છે તેમ ફિલ્ડ માર્શલ મુન્ની કહે છે. લાગે છે કે અલ્લાહ પાકિસ્તાનના નટબોલ્ટ ખોલીને, સ્પેરપાર્ટસ જુદાં પાડીને ઈસ્લામિક દેશોમાં બીજા વધુ ત્રણ ઉમેરવાના મૂડમાં છે. પરંતુ મુન્નીરને આ વાત પસંદ નથી. એને સત્તા પર બની રહેવા સિવાય અને મરિયમ સાથે નૈન લડાવવા સિવાય ભાગ્યે જ કશું પસંદ છે. પોતાનાં બાળ બચ્ચાઓને ન્યુ જર્સી, અમેરિકામાં વિશાળ કોઠી ખરીદી આપી છે અને ત્યાં વસાવ્યા છે. ઘરઆંગણે પ્રગતિ કરવા માટે લોકોના કરવેરાના પૈસા વાપરી નાખે તો અમેરિકા શું લઈ જાય? પાકિસ્તાનના કાલના અને આજના જિહાદી જનરલોએ પાકિસ્તાનમાં જો કંઈપણ વસાવ્યું હોય તો તે પંજાબના ઈસ્લામાબાદની આસપાસ એકરોમાં ફેલાયેલી એક કોઠીઓ છે. દેશનું રક્ષણ કરવાને બદલે, દેશમાં પ્રગતિ કરવાને બદલે તેઓ ફોજી બ્રાન્ડનેમથી અનેક મહત્વની ચીજોનો વેપાર કરે છે. શાંતિપ્રિય પ્રજાની આ હાલત છે. ઘણા વરસોથી એ સ્થાયી હકીકત બની ચૂકી છે કે પાકિસ્તાનની આમ પ્રજા મુશ્કેલીમાં દિવસો પસાર કરી રહી છે. એક સમયે તો પ્રજા બોલેને? જાગે કે નહીં? પ્રજાના અવાજના પ્રતિનિધિ ઈમરાન ખાનને વગર વાંકે જેલમાં પૂરી રખાય છે. એમને ભૂખ્યા રખાય છે, અત્યાચારો ગુજરાય છે. ભારત સહિત દુનિયાના ક્રિકેટરો અને રાજનેતાઓએ અસીમ મુન્નીને ભલામણ કરવી પડી કે ઈમરાન ખાનનું ધ્યાન રાખો.

પાકિસ્તાનના પશ્તુનો અને અફઘાનિસ્તાનના પઠાણો, અમુક નજરે ન ચડે તેવા સાંસ્કૃતિ ફેરફારોને બાદ કરીએ તો લગભગ એક જ છે. પઠાણ એ પશ્તુનનું અપભ્રંશ છે. વાયવ્ય સરહદ પ્રાન્ત વિસ્તારમાં આવેલો ખૈબર પશ્તુનખા પ્રદેશ સૂકી પહાડીઓથી ભરપુર છે. પ્રજા લડાયક છે અને સ્વમાનને ખૂબ ઊંચુ આંકે છે. દોસ્તી કરે તો દીકરાઓ આપી દે અને દુશ્મની કરે તો દીકરાઓ લઈ લે. પ્રદેશની ભૂગોલીય રચના પણ એવી છે કે તેઓને ગેરીલા યુદ્ધ લડવાનું સરળ પડે છે. તેઓ ટેકરીઓમાં વસવાને ટેવાયેલા છે. પ્રદેશના ખૂણા ખાંચરા, નકશો તેઓ જાણે છે જે પંજાબી અને સિન્ધી લશ્કરી સૈનિકો જાણતાં નથી. પખ્તુનોની અને બલોચોની સંખ્યા પાકિસ્તાની સેનામાં મોટી છે, પણ એક પાકિસ્તાન માટે લગભગ કોઈ વફાદાર નથી. લગભગ દરેકની વફાદારી પોતપોતાની પ્રજા પ્રત્યે છે. સ્વાભાવિક છે કે પખ્તુન સૈનિક પખ્તુનો કે પઠાણોનું, બલોચ સૈનિક બલોચોનું અને સિંધિ સૈનિક સિંધિઓનું લોહી વહેડાવવા આગળ નહીં આવે. આ રીતે પાકિસ્તાન માટે સેનામાં જ એક મોટું સંકટ આકાર લઈ રહ્યું છે. આ સ્થિતિમાં પાક સેના કોઈપણ નાગરિક વિદ્રોહનો બરાબર સામનો કરી શકતી નથી. પખ્તુનો, બલોચો, લડવૈયાઓ પાકિસ્તાની સૈનિકોને બંધક બનાવી તેઓનું અપહરણ કરી જાય છે.

ખૈબર પખ્તુનવા (કે.પી.) પ્રદેશ વાયવ્ય પાકિસ્તાનમાં એક મોટા પ્રદેશમાં ફેલાયેલો છે. તેનો ઉત્તરનો એક હિસ્સો પાકિસ્તાન તાબાના કાશ્મીરને સ્પર્શે છે અને દક્ષિણની સરહદ બલોચિસ્તાન સાથે જોડાયેલી છે. તેની પૂર્વમાં પંજાબ છે. કેપીની ઉત્તરમાં ગીલગીટ બાલ્ટીસ્તાન છે. પશ્ચિમમાં તેની સરહદ અફઘાનિસ્તાનને અડે છે. કાબુલ ત્યાંથી દૂર નથી. કેપીનું પાટનગર પેશાવર છે.



પાકિસ્તાનના ફીલ્ડ માર્શલ મૌલવી અસીમ મુનીરને અને એમની અન્યત્ર પરણેલી માશુકા મરિયમ નવાઝને ઘરચોળાં જોઈએ છે અને પાકિસ્તાની તિજોરીઓમાં ઊંદરો આટાફેરા કરે છે. એ સિવાય ત્યાં બીજું કશું નથી. ચીનને ગધેડાઓ વેચીને પૈસા કમાવાનો એક માત્ર નિકાસલક્ષી ધંધો બચ્યો છે

હિન્દુ સભ્યતાની નજીક ગણાતા ચિત્રાલીસ, સરાઈકીસ અને કલશ જાતિના લોકો પણ કેપીમાં વસે છે. જો કે હવે ધર્મ પરિવર્તનને કારણે તેઓની સંખ્યા ઘટી રહી છે. પશ્તો અહીંની મુખ્ય ભાષા છે. પેશાવર અને હાઝરામાં હિન્દકા ભાષા બોલાય છે. મહેમાનગતિ (મેલમસ્તી), બહાદૂરી, આત્મ અને કુટુંબ સન્માન તેમ જ બદલો વગેરેને આ પ્રજા પોતાની સાંસ્કૃતિક ધરોહર અને આભૂષણો સમજે છે. પુલાવ, કબાબ, નાન, કરાહી વગેરે પાકિસ્તાનના જન્મથી જ કેપીકે અન્યાય સહન કરતું આવ્યું છે. કેપીકેમાં કોઈ નેતા કે અન્યાય સામે અવાજ ઊઠાવનારી સંસ્થા ઊભી થાય તો પાકિસ્તાની સેના એ નેતાનું કાસળ કઢાવી નાખે છે. પ્રદેશનું આર્થિક શોષણ અનહદ થાય છે. પશ્તુન પ્રજા સામે જનરલો નિર્દય લશ્કરી અભિયાનો ચલાવે છે. લોકોનો અવાજ ક્યાંય કોઈ સાંભળતું નથી. પાકિસ્તાન સાથે કેપીકે ન હોય તો પંજાબની એક સાંકડી પટ્ટી જ, પાકિસ્તાન તરીકે ભારતની પશ્ચિમમાં જ રહી જાય. કોઈ સામાન્ય સૈન્ય આક્રમણમાં પણ એ પટ્ટી કાપવાનું સરળ બને. પાકિસ્તાન ભારત સામે પોતાના દેશમાં વધુ ઊંડાઈ ઈચ્છે છે. અર્થાત પાકિસ્તાનનો પશ્ચિમનો છેડો ભારતની સરહદથી દૂર સુધી ફેલાયેલો હશે. વ્યુહની ભાષામાં તેને 'સ્ટ્રેટેજિક ડેપ્થ' કહે છે. વ્યુહાત્મક ઊંડાણ અથવા અંતર. આ માટે પાકિસ્તાનને કેપીકેની ખૂબ જરૂર છે, પણ અગાઉથી શિક્ષણમાં સરસાઈ હતી તેથી પંજાબી લોકોએ મહત્ત્વના હોદ્દાઓ પચાવી પાડ્યા હતા અને છે. હવે પખ્તુનખ્વાંની પ્રજા પંજાબીઓની ચાલ સમજતી થઈ છે. પ્રદેશની આઝાદી માટેની સપાટી નીચેની ચળવળ ઘણા સમયથી ચાલી રહી છે. બલોચીસ્તાનની માફક. પરંતુ હમણા દોઢ-બે વર્ષથી તે સપાટી પર આવી ગઈ છે. પાકિસ્તાની પંજાબી હાકેમોએ પખ્તુનોનો ઉપયોગ ભારત સામે ત્રાસવાદ ફેલાવવા માટે જ કર્યો છે. આ પ્રદેશમાં પાકિસ્તાને ત્રાસવાદનાં અનેક કારખાનાં સ્થાપ્યાં હતાં. એમાંના કેટલાંક હવે પાકિસ્તાનને, અર્થાત પંજાબી પાકિસ્તાને ત્રાસ આપી રહ્યાં છે. હિલેરી કલીન્ટને જે વિધાન આપ્યું હતું કે તમે ત્રાસવાદનાં સાપો પાળશો તો તેનાં સાપોલિયાં એક દિવસ તમને જ ડંખવા આવશે.

સારાંશ

★વિન્સી મરચન્ટ

છેલ્લા થોડાં વર્ષોમાં અમુક એવી ઘટનાઓ ઘટી જેમાં પઠાણો અને પશ્તુનો પાક પંજાબી ફોજના દુશ્મનો બની ગયા છે. પશ્તુનો એમના અફઘાનિસ્તાની પઠાણ ભાઈઓ તરફ વધુ ઢળેલા છે. અફઘાનિસ્તાનમાંની વર્ષોની અશાંતિ અને અમેરિકી કબજા બાદ લાખો અને કરોડો અફઘાની શરણાર્થીઓ પાકિસ્તાનમાં આવીને વસી ગયા હતા. પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે અંગ્રેજોનો જમાનાથી એક ડુરાન્ડ લાઈન નામની કલ્પિત અને ભૂંસાઈ જઈ રહેલી સીમા રેખા છે, પણ અફઘાનિસ્તાનની માફક કેપીમાં પણ પઠાણો જ બહુમતીમાં છે. તેઓ ડુરાન્ડ સરહદને માન્ય રાખતા નથી. પાકિસ્તાન સાથે રહેલા પખ્તુનોના પ્રદેશને છોડાવવા તાલીબાની સૈનિકો પાકિસ્તાન પર હુમલાઓ કરે છે અને અત્યાર સુધી પાકિસ્તાનનો ગણાતો હતો એવો ઘણો પ્રદેશ અફઘાનોએ જીતી લીધો છે. પાકિસ્તાનની સ્થાનિક પશ્તુન પ્રજાનું અફઘાનીઓને સમર્થન છે. પોતે પણ આઝાદ થવા જંગે ચડ્યા છે. દરમિયાન અફઘાન તરફી પઠાણ ઈમરાન ખાનને અસીમ મુનીરએ ગેરકાયદેસર ઊથલાવી પાડ્યા. અસીમ મુનીર ઈમરાનને મારી નાંખવા માંગે છે, પણ દુનિયા તેમ થવા દેતી નથી. પાકિસ્તાની હકુમને આજ સુધીમાં સેંકડો અને હજારો પઠાણોને ગાયબ કરી દીધા છે. ઈમરાન ખાન પ્રકરણે કેપીના પઠાણોમાં વધુ રોષ ભડકાવ્યો છે.

એક તરફ બલોચીસ્તાનના લોકો અલગ થવા માટે હકુમત સામે પંજે પંજા ભેરવીને લડી રહ્યા છે ત્યારે કેપીના લોકોને પ્રેરણા મળે છે. બલોચોની માફક પખ્તુનોએ પણ પાકિસ્તાન સૈન્ય ઠેકાણાંઓ પર હુમલાઓ, આત્મઘાતી હૂમલાઓ કર્યા છે. એકલા ગયા જાન્યુઆરી મહિનામાં પશ્તુનોએ પાકિસ્તાનમાં 64 સ્થળો પર નાનાં મોટા હૂમલાઓ કર્યા હતા. તેમાં અનેક પાકિસ્તાની સૈનિકોએ જાન ગુમાવ્યા છે. તે અગાઉ એક લશ્કરી વિમાનમથક કબજે લીધું હતું. પાકિસ્તાન હવાઈ દળના અને પાયદળના સૈનિકો મારી નાખ્યા હતા, અનેક વિમાનો અને મુખ્ય ઈમારતો સળગાવી દીધી હતી. ફેબ્રુઆરીમાં પશ્તુનોએ આક્રમણ વધુ તેજ બનાવ્યું હતું. તેઓ તેહરીકે તાલીબાન પાકિસ્તાનની સંગતમાં રહીને ફીતના અલખ્વારીજના નેજા હેઠળ લડે છે. રમઝાન મહિનામાં અસીમ મુનીરની અબજો ડૉલરના ખર્ચે ઊભી થયેલી ફોજે કાર્યવાહી બતાવવી પડે એટલે બતાવી ગયા. રવિવારે અફઘાનિસ્તાનમાંના સાત અડ્ડાઓ પર હવાઈ હૂમલો કરી 70 પઠાણોને મારી નાખ્યાનો દાવો મુનીરની સેનાએ કર્યો છે. તેમાં એક જ પરિવારનાં 19 સભ્ય માર્યા ગયા છે. તાલિબાનોએ કંધાર શહેરમાં એક તાકીદની બેઠક બોલાવી. માન-મરતબો અને બદલો લેવા માટે જાનફેસાની કરનારા અફવાનો આ સહન કરી લેશે નહીં. અમસ્થાયે પાકિસ્તાની સૈનિકો પશ્તુનીસ્તાન કે બલોચીસ્તાનની સરહદ પર લડવા જવા તૈયાર નથી. અનેકોએ સેનામાંથી રાજીનામાં આપી દીધા છે. પાકિસ્તાનના હવાઈ હુમલાનો દાવો અને ગળથૂંથીની આદત મુજબ મોટો હશે. ધારો કે નાનો હશે તો પણ મોટી કિંમત ચૂકવવા મુનીરના પાકિસ્તાને તૈયાર રહેવું પડશે. યુદ્ધ હોકે રહેગા!●